જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા૨૭/૦૭/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૦/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૧૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૧/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૨૬૨/૧૯**

**નવરંગપુરા** : આશીલભાઇ કપિલભાઇ મોદી (ઉ.વ.૩૧)(રહે.શીતલબાગ એપાર્ટમેન્ટ કર્ણાવતી પગરખા બજારની ગલીમાં પાલડી) એ તા.૨૬/૭/૧૯ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ડીસેમ્બર/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અભિજિત-૧, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા ખાતે આવેલ “ડાઈમેન્શન્સ-૩૬૦” નામની પ્રોપ્રાઇટર ફર્મની ઓફીસ ખાતે આરોપી વિવેક સિંઘ (રહે.પહેલો માળ જનકપુરી વેસ્ટ મેટ્રો સ્ટેશન પાસે યુનિટી વન મોલ જનકપુરી ન્યુ દિલ્હી) નાએ આશીલભાઇ સાથે કામ કરવાનો વિશ્વાસ સંપાદિત કરતા, આશીલભાઇએ કંપનીનું કામ સોપેલ, ત્યારબાદ આશીલભાઇ પાસેથી કુલ રૂપિયા ૨૫,૩૦,૦૦૦/- પડાવી લઇ કંપનીનું કામ નહીં કરી, આશીલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.દેસાઇ ચલાવે છે.

**શહેરકોટડા** : સિધાદેવી લક્ષ્મણસિંહ રાજપુત (ઉ.વ.૫૨)(રહે.પતરા મીલની ચાલી, શહેરકોટડા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૭/૧૯ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે મેમ્કો પ્રેમનગર ગોપી સિનેમા રોડ પર બે અજાણ્યા પુરૂષ (૨૫ વર્ષના આશરાના) ભેગામળી સિધાદેવીને માનસીક રોગની દવા આપવાનુ કહી વિશ્વાસમા લઇ, સિધાદેવીના બંને કાનમાં પહેરેલ સોનાના ઝુમ્મર કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૧,૨૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૨૦૦/- ની મતા લઇ જઇ નાસી જઇ, સિધાદેવી સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચોધરી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૨૬૩/૧૯**

**સોલા હાઇકોર્ટ** : સંજયભાઇ જીવણભાઇ પરમાર (રહે.દર્શન રેસીડન્સી, કોટેશ્વર રોડની બાજુમાં, મોટેરા) એ તા.૨૬/૦૭/૨૦૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૭/૧૯ સાંજના ૬/૩૦ થી તા.૨૦/૦૭/૧૯ સવાર ૯/૦૦ વાગ્યા દરમ્યાન છારોડી, વંદે માતરમ ફેબ્યુલાની બાજુમાં, સર્વે નંબર-૧૬૪, પ્લોટ નંબર-૫૧ માં આવેલ પોતાના “રેડિક્સ” કંપનીના કોર્પોરેટ હાઉસના સ્ટોરરૂમના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ સ્ટોરરૂમમાં પ્રવેશ કરી, એ.સી કોપર પાઇપના બંડલ નંગ-૨૦ તથા કોપરની પાઇપ નંગ-૧૦ મળી તમામ મટરીયલ કુલ કિંમત રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**નિકોલ** : રવજીભાઇ પ્રેમજીભાઇ પટેલ (રહે.સુર્યકિરણ બંગ્લોઝ, ભક્તિ સર્કલ પાસે, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૭/૧૯ ના કલાક ૧૨/૩૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બેડરૂમની બારી ખુલ્લી રહી ગયેલ હોઇ, જે બારીમાંથી હાથ નાંખી બેડરૂમનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી (૧) ડાયમંડ અને સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.પરમાર ચલાવે છે.

**ગાયકવાડ હવેલી** : નઝમાબાનુ વા/ઓ સુલ્તાનખાન પઠાણ (રહે.આલીયા ફ્લેટ ત્રીજો માળ કાંચની મસ્જીદ સરદાર એપાર્ટમન્ટ સામે કોટની રાંગ જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૭/૧૯ ના કલાક ૧૦/૦૦ થી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.રાઠોડ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૬૪/૧૯**

**જી.આઇ.ડી.સી. વટવા** : રાજીવ રામસજીવન કોલ (ઉ.વ.૧૯) (રહે. જાનીયાપીરનો ટેકરો, વટવા) તા.૨૬/૦૬/૧૯ ના કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે જી.આઇ.ડી.સી.વટવા ફેઝ-૨ પ્લોટ નં ૧૪૮/એ “સનરાઇઝ ઇંડસ્ટ્રીઝ” ખાતે વીજ કરંટ લાગતા બેભાન થઇ જતાં, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતાં કલાક ૬/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૬૫/૧૯**

**રીવરફ્રંટ વેસ્ટ** : વિનોદભાઈ અમરસિહ સોહવસિયા (ઉ.વ.૫૦)(રહે. કાશ્મીરા સોસાયટીની બાજુમા છાપરામા પાલડી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૧૯ રાતના ૯/00 વાગ્યાના સુમારે સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી પાછળ રિવરફ્રન્ટ વોક વે નજીક નદીમા પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ સબૂરભાઈ ચલાવે છે.

**કાલુપુર** : કમલેશ નાથુભાઈ ગુર્જર (ઉ.વ.૧૮)(રહે.શ્રીજી ફ્લેટ હાથીખાના નવો વાસ, સ્વામીનારાયણ મંદિર કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૧૯ ના કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના હુકમા પ્લાસ્ટીક ની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ પી.એમ.ચૌધરી ચલાવે છે.

**આનંદનગર** : ઉર્વશી ડો/ઓ દિપકભાઇ લાવંત્રા (ઉ.વ.૨૧)(રહે.કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ-૨ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૧૯ ના કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુનીરમહંમદ ઇસુબભાઇ ચલાવે છે.

**સરદારનગર** : જમનાબહેન વા/ઓ ગોપાલજી ઠાકોર (ઉ.વ.૨૪)(રહે.ઇન્દીરાનગરની ચાલી ઓઝોન સીટી પાસે આઇ.ટી.આઇ. રોડ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૧૯ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.